
## વડીલોને વંદન અભિનંદન


### આજે જન્મદિવસ


પ્રેમજીભાઈ રાઠોડ
(૧૯૪૭)


જયાબેન પોપટલાલ ઉપાલા
(૧૯૪૭) ફોન : ૨૩૨ ૨૫૬૮૬


ચંચળબેન રાઠોડ
(૧૯૫૩)


રણછોડભાઈ પ્રેમાભાઈ ગોરે
(૧૯૪૧) ફોન : ૨૩૨ ૨૬૪૨૭


સીતારામભાઈ પટેલ
(૧૯૫૪) મો. ૯૩૭૪૬૦૬૩૭૬


સોમાભાઈ વેલજીભાઈ ચૌધરી
(૧૯૪૮) ફોન : ૨૩૨ ૨૮૦૧૭


કમળાબેન ગણેશભાઈ પટેલ
(૧૯૪૬) ફોન : ૨૩૨ ૧૦૬૦૧


કાંતિભાઈ હરદાનભાઈ બારોટ
(૧૯૫૧) ફોન : ૨૩૨ ૨૮૫૭૧


કાંતિભાઈ સાંકળભાઈ પટેલ
(૧૯૪૪) ફોન : ૨૩૨ ૨૭૪૫૮


મીનાબેન પ્રિયવદન શાહ
(૧૯૫૨) ફોન : ૨૩૨ ૨૩૪૪૪


પ્રભુદાસ ખેતીદાસ પટેલ
(૧૯૫૦) ફોન : ૨૩૨ ૨૪૨૯૮


છત્રસિંહ બબાજી વાઘેલા
(૧૯૫૦) મો. : ૯૯૨૪૪૫૫૧૧૦


રમેશભાઈ ગંગારામ પટેલ
(૧૯૫૮) ફોન : ૨૩૨ ૧૧૪૫૬


શાંતાબેન રમેશભાઈ પટેલ
(૧૯૫૮) મો. : ૯૯૨૫૨૩૫૪૫૭



ઈશ્વરભાઈ મોહનભાઈ ચૌધરી
(૧૯૫૬)મો.:૯૮૭૯૦૫૮૫૦૪


લીલાબેન ભરતકુમાર ભટ્ટ
(૧૯૫૧) ફોન : ૨૩૨ ૨૭૧૦૯


કે. પી. પટેલ
(૧૯૫૦) ફોન : ૨૩૨ ૨૭૦૮૯


હંસાબેન ખોડીદાસ રાઠોડ
(૧૯૬૨)મો.:૯૯૭૯૦૯૮૭૮૭


ચંપાબેન ગુણવંતભાઈ ગોહેલ
(૧૯૪૩) ફોન : ૨૩૨ ૨૪૬૫૬


હિંમતસિંહ એફ. ડોડીયા
(૧૯૫૧) મો.:૯૮૨૪૮૨૬૦૩૭


ચતુરબેન ગેબાભાઈ પટેલ
(૧૯૫૫)મો.:૯૯૦૪૭૮૦૩૪૭


પી. કે. પટેલ
(૧૯૫૦)મો.:૯૮૭૯૨૮૯૬૯૯


વસનબા એચ. ડોડીયા
(૧૯૫૪)મો.:૯૮૨૪૮૨૬૦૩૭

# કેશુભાઈ-કાશીરામ રાણા સામે તોળાઈ રહેલા શિસ્તભંગના પગલાં

(વિશેષ પ્રતિનિધિ) ગાંધીનગર, તા.૩૦

ગુજરાતમાં ઈમરજન્સી કરતાં સ્થિતિ વધારે ખરાબ છે તેવા પ્રકારના સ્ટેટમેન્ટ કરીને પાર્ટીના હાઈકમાન્ડને મેસેજ આપવા માગતા ભાજપના અસંતુષ્ટ જૂથ સામે શિસ્તભંગના પગલાં તોળાઈ રહ્યાં છે. જો કે ગઈકાલે સુરેશ મહેતાએ એવો અણસાર આપ્યો હતો કે કેશુભાઈ પટેલ દિલ્હી સ્થિત હાઈકમાન્ડને મળવા જશે અને રાજયની વર્તમાન સ્થિતિથી માહિતગાર કરશે.

ચૂંટણી આવે ત્યારે કેશુભાઈ તેમના સમર્થકોને એકત્ર કરે છે ત્યારે રાજકીય વર્તુળો એવું કહી રહ્યાં છે કે વિધાનસભાની ટીકીટોના વિતરણમાં કેશુભાઈ તેમના સાથીદારોને ટીકીટ અપાવવા માગે છે તેથી પાર્ટી ઉપર દબાણ ઉભું કરી રહ્યાં છે પરંતુ આ વખતે ગુજરાતમાં થર્ડફ્રન્ટની સંભાવના જોવામાં આવી રહી છે.

પાર્ટી કેશુભાઈ અને કાશીરામ રાણાને સસ્પેન્ડ કરે તો તેઓ હિરો બની શકે છે તેવું નરેન્દ્ર મોદી ઈચ્છતા નથી તેથી તેઓ થોભો અને રાહ જુઓની નિતી અપનાવી રહ્યાં છે. બીજી બાજુ પાર્ટીના આ વગદાર નેતા સામેથી રાજીનામું આપે તેવું બનવાનું નથી તેથી સમગ્ર નિર્ણય હાઈકમાન્ડ ઉપર છોડવામાં આવ્યો છે.



નજીકના સૂત્રો કહે છે કે કેશુભાઈ હાઈકમાન્ડને સમજાવવા નવી દિલ્હી જાય તેવી સંભાવના છે પરંતુ ૨૦૦૫માં થયું હતું તેમ તેમને ઠપકો સાંભળી પરત આવવું પડે તેમ છે. જો દિલ્હીમાં તેમના કોઈ સમર્થક હોય અને તેમને આ મુહિમમાં મદદ કરતા હોય તો પણ હાલ હાઈકમાન્ડ સમક્ષ મોદીનું પલ્લું ખૂબ ભારે છે તેથી કેશુભાઈને પછડાટ મળી શકે છે. ગુજરાત ભાજપની નજર કેશુભાઈની પ્રવૃત્તિ ઉપર છે. કોંગ્રેસ અને ભાજપના નેતાઓ સહિત પટેલ આગેવાનોની ઉપસ્થિતિમાં ધોળકામાં ૨જી જૂને મળી રહેલા પાટીદાર સંમેલનમાં શું થાય છે તેની ઉપર બધો મદાર હોવાનું કહેવાય છે.

ગુજરાતમાં ૨૦૦૨ની વિધાનસભાની ચૂંટણી પછી કેશુભાઈના સમર્થકોએ મોદી વિરૂદ્ધ મોરચો ખોલ્યો હતો. આ મોરચો ૨૦૦૪ થી ૨૦૦૬ દરમ્યાન ચરમસીમાએ હતો પરંતુ ૨૦૦૭ની ચૂંટણી પછી કેશુભાઈ જૂથે તેમના શસ્ત્રો માન્ય કરી દીધા હતા તેમ છતાં પાર્ટી તેમની સામે શિસ્તભંગના પગલાં લઈ શકી ન હતી.

મોદી જ્યારે બીજી વખત સત્તામાં આવ્યા ત્યારે કેશુભાઈ તેમની સાથે સરકારના કાર્યક્રમોમાં એકમંચ ઉપર પણ દેખાયા હતા. આજે પ્રદેશ ભાજના નેતાઓ કે ધારાસભ્યો તેમને મળવા જતા નથી ત્યારે ૨૦૧૨ની ચૂંટણી પહેલાં કેશુભાઈએ ફરીથી મોદી સામે શસ્ત્રો સજાવ્યાં છે.

આ લડાઈમાં ભાજપના વર્તમાન સંસદસભ્ય કે ધારાસભ્ય કોઈ નથી. જે લોકો તેમને સાથ આપે છે તેઓ પાર્ટીમાં સાઈડલાઈન થયેલા છે. આ સંજોગોમાં જોવાનું એ રહે છે કે પાર્ટી તેમની વાત સાંભળે છે કે પછી શિસ્તભંગના પગલાં ભરે છે. સવાલ એ છે કે પાર્ટીની બાગડોર નિતીન ગડકરીના હાથમાં ત્યારે નવી દિલ્હીમાં કેશુભાઈ પટેલના ગોડફાધર કોણ છે.

## ગુજરાતમાં બંધના એલાનને મિશ્ર પ્રતિસાદ

## છુટાછવાયા બનાવને બાદ કરતાં શાંતિપૂર્ણ બંધ

ગાંધીનગર, તા.૩૧

ગુજરાતમાં છુટાછવાયા નાના એક બે બનાવોને બાદ કરતાં બંધનું એલાન શાંતિપૂર્ણ રીતે રહેવા પામ્યું હતું. પેટ્રોલના ભાવવધારાના વિરોધમાં અપાયેલ બંધના એલાનને ગુજરાતમાં મિશ્ર પ્રતિસાદ મળવા પામ્યો હતો.

ઓઈલ કંપનીઓ દ્વારા પેટ્રોલમાં પ્રતિ લીટરે રૂ. ૭નો જંગી ભાવવધારો ઝીંકવામાં આવ્યો હતો. આ ભાવવધારાના વિરોધમાં ભાજપ સહીતના વિપક્ષે આજે ૩૧મી મેના રોજ ભારત બંધનું એલાન આપવામાં આવ્યું હતું.

આજના ભારત બંધના એલાનમાં ગુજરાતમાં ભાજપના બંધના એલાનને મિશ્ર પ્રતિસાદ મળવા પામ્યો હતો. રાજયના તમામ શહેરોમાં કેટલાક વિસ્તારોમાં સજજડ બંધ રહેવા પામ્યું હતુ તો કેટલાક વિસ્તારોમાં બજારો ચાલુ રહી હતી.

અમદાવાદના કેટલાક વિસ્તારોમાં શહેરી બસો ઉપર પથ્થરમારાની ઘટનાઓ વધતાં એએમટીએસની બસો ને બંધ કરી દેવામાં આવી હતી તો કેટલાક શહેરોમાં દુકાનો બંધ કરાવવા નિકળેલા ભાજપના કાર્યકરો અને દુકાનદારો વચ્ચે ઘર્ષણ થવાના પણ બનાવો બનવા પામ્યા હતાં.

બંધના એલાનને પગલે રાજયમાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે સાવચેતીના પગલાં રૂપે તમામ શહેરોમાં સઘન સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી હતી આજે બંધ દરમિયાન કેટલાક સ્થળોએ દુકાનો બંધ કરાવવાનો પ્રયાસ કરી રહેલા કાર્યકરોને વિખેરવા માટે પોલીસે બળપ્રયોગ કરવાની પણ ફરજ પડી હતી.

પેટ્રોલના ભાવવધારાના વિરોધમાં ભાજપે આજે આપેલા બંધના એલાનને ગુજરાતમાં મિશ્ર પ્રતિસાદ મળવા પામ્યો છે જો કે ભાજપ દ્વારા બંધના એલાનને સફળતા મળી હોવાનો દાવો કરવામાં આવ્યો છે.

## ગાંધીનગરમાં વૃક્ષોની જાળવણીમાં સતર્કતા લાવવા ઉગ્ર રજૂઆત

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગર શહેર એક સમયમાં દુનિયાભરમાં ગ્રીનસીટી તરીકે મોખરે હતુ, પરંતુ દિન- પ્રતિદિન તેણે મેળવેલી પ્રતિભા ગુમાવી રહેલ છે. કોઈપણ રોકટોક વગર લાકડાની ચોરી થાય છે. વૃક્ષોનું નિકંદન થાય છે. તથા માથાભારે ટોળકી દ્વારા વૃક્ષોને સુકવી નાખીને તેણે બળતણના લાકડા તરીકે વેચવાની પ્રવૃત્તિ કરી રહેલ છે. ઢોર-બકરાં ચરાવનારા લીલાઝાડના ડાળખાં ખુલ્લે આમ કાપતા હોવાનું નજરે પડે છે. વૃક્ષ વિરોધી પ્રવૃત્તિ સામે અધિકારીઓ યોગ્ય પગલાં લેતા નથી. જેના કારણે વિભાગની કામગીરી ટીકાપાત્ર થાય છે.

હવે ટૂંક સમયમાં ચોમાસાનું આગમન થશે ત્યારે નવા વૃક્ષો વધુ રોપય છે. વૃક્ષોની ઉછેર પૂરેપૂરુ થાય તે અધિકારી, કર્મચારીને ફરજ સોપાય તે જરૂરી છે.

સેકટરોની અલગ ઓળખ માટે અલગ વૃક્ષોની સ્થિત કરવામાં આવ્યા હતા. પરંતુ તે અંગે નક્કર કાર્યવાહી થયેલ નથી તે દુઃખદ છે.

જાહેર માર્ગો ઉપર નમી પડેલા વૃક્ષો ટીચીંગ કરવામાં તંત્ર નબળું લાગે છે. ચોમાસાની પૂર્વતૈયારીના ભાગરૂપે ભયજનક વૃક્ષો અલગ તારવવા સુચના આપવામાં આવી છે. આ બાબતો ગંભીર લઈ ઘટતું કરવા જણાવવામાં આવે છે.

# સરઢવ ગામ ખાતે કૃષિ મહોત્સવ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર તાલુકાના સરઢવ ગામ ખાતે તા.૩૦મી મે-૨૦૧૨ના રોજ કૃષિ મહોત્સવ અંર્ગત કાર્યક્રમ યોજાયો હતો. આ કૃષિ મહોત્સવમાં મુખ્ય મહેમાન પદે સામાજિક શૈક્ષણિક રીતે પછાત વર્ગોનુ



કલ્યાણ રાજય મંત્રી શ્રી વાસણભાઈ આહીર ઉપસથિત રહયાં હતા. મંત્રી શ્રી વાસણભાઈ આહીરના હસ્તે કૃષિ, બાગાયત અને પશુપાલન કિટ્સનું વિતરણ કરવામાં આવ્યું હતું. મંત્રીશ્રીએ મુખ્યમંત્રીશ્રીનું એલઈડી સ્ક્રીન પર -સારિત -વચન અને સાંસ્કૃતિક કાર્યક્રમ ગ્રામજનો સાથે બેસીને નિહાળ્યો હતો.

આ -સંગે મંત્રી શ્રી વાસણભાઈ આહીરે જણાવ્યું હતુ કે રાજયના મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાજયની શાસનધુરા સંભાળી તે જ દિવસથી ગામડાઓના વિકાસની નેમ લીધી હતી. જે અંતર્ગત વર્ષ-૨૦૦૫થી રાજયમાં મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શન હેઠળ કૃષિ મહોત્સવનો -ારંભ કરવામાં આવ્યો હતો. સતત આઠ વર્ષથી યોજાતા કૃષિ મહોત્સવ થકી આજે ગુજરાતના ખેડૂત વૈજ્ઞાનિક ઢબે ખેતી કરતા થયા છે. જેના પરિણામે રાજયમાં એક દાયકાના ટુંકા સમયમાં કૃષિક્ષેત્રે ઉત્પાદન વધ્યું છે. રાજયનો કૃષિ વિકાસ દર ૧૦.૮૦ ટકાએ પહોચી ગયો છે. જે આંક જ રાજયના કિસાનોની સમૃધ્ધ થયાની વાત પર -કાશ પાડે છે.દેશમાં ગુજરાત જ એક એવું રાજય છે કે જયાં ગામે ગામ જયોતિગ્રામ યોજના થકી ૨૪ કલાક વીજળી મળી રહી છે.

વધુમાં મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ગુજરાત રાજયએ સૌ -થમવાર પશુ આરોગ્ય મેળા શરૂ કર્યા છે. પશુ મેળા થકી ગુજરાત રાજયએ દેશમાં પશુઓના મોતિયાના ઓપરેશન કરવાની પહેલ કરી છે. તે ઉપરાંત રાજયમાં કન્યા કેળવણીને -ોત્સાહિત કરવા રાજયના મુખ્યમંત્રીશ્રીએ પોતાને મળેલ ભેટ-સોગાદ તોષા ખાનામાં જમા કરાવીને તેમાંથી મળેલ રૂ. ૬૦ કરોડની રકમ કન્યા કેળવણી નિધિમાં અર્પણ કરી છે. દીકરીઓનું સમાજમાં શું મહત્વ છે. તેની વાત સુંદર મજાની વાત દષ્ટાંત આપી કરી હતી. ઉપસથિત સર્વે લોકોને આજથી બેટી બચાવો અભિયાનમાં જોડાઈ જવા માટે હાંકલ કરી હતી.

આ -સંગે ગુજરાત ખાદીગ્રામોદ્યોગ બોર્ડના ચેરમેન શ્રી વાડીભાઈ પટેલ, જિલ્લા કલેકટર શ્રી પી. સ્વરૂપ, -ાંત અધિકારી શ્રી -કાશભાઈ મકવાણા, જિલ્લા ખેતીવાડી અધિકારી શ્રી કે.કે.પટેલ, જિલ્લા પશુપાલન અધિકારી શ્રી ડાૅ.બી.કે.પટેલ,ગાંધીનગર મામલતદાર શ્રી એમ.એસ.પંચાલ, તાલુકા વિકાસ અધિકારી શ્રી જયેશભાઈ તુવેર, સરઢવ ગામના સરપંચ શ્રી અરવિંદભાઈ પટેલ, ગામના અગ્રણી શ્રી રમણભાઈ પટેલ, બળદેવભાઈ પટેલ, એડવોકેટ શ્રી જયંતિભાઈ પટેલ સહિત મોટી સંખ્યામાં ગામની મહિલાઓ અને ગ્રામજનો ઉપસથિત રહયાં હતાં.

## મુખ્યમંત્રી આજે નવી દિલ્હીમાં : ગુજરાતની ૨૦૧૨-૧૩ વાર્ષિક યોજનાના કદ અંગેની આયોજન પંચ સાથે બેઠક

ગાંધીનગર, તા. ૩૧

મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી આવતીકાલ શુક્રવાર તા. ૧લી જૂન, ૨૦૧૨ના રોજ નવી દિલ્હી ખાતે ભારત સરકારના આયોજન પંચના ઉપાધ્યક્ષ શ્રી મોન્ટેકસિંહ અહલુવાલિયા સમક્ષ ગુજરાતની ૨૦૧૨-૧૩ની વાર્ષિક યોજનાના કદ નિર્ધારીત કરવા અંગેની બેઠકમાં હાજરી આપશે.

## રક્તદાન-મહાદાન

**વિધાનસભાની સામાન્ય ચૂંટણી - ૨૦૧૨**
**મતદારયાદીની સુધારણા**

**મતદારયાદી સુધારણા કાર્યક્રમ-૨૦૧૨ અંતર્ગત આપનું નામ મતદારયાદીમાં નોંધાવવા માટેની અમૂલ્ય તક...**

**શું આપનું નામ અને ફોટો મતદારયાદીમાં છે ?**
**શું આપના કુટુંબના લાયક સભ્યોના નામ મતદારયાદીમાં છે ?**
**શું આપ જે મતદાન મથકના વિસ્તારમાં રહો છો તે જ વિસ્તારમાં આપનું નામ છે ?**

આ વિગતોની ચકાસણી માટે મતદારયાદી ક્યાં જોવા મળશે ?

**તા. ૧-૬-૨૦૧૨ થી તા. ૧૮-૬-૨૦૧૨ સુધી મતદારયાદીનો મુસદો**

- કલેક્ટર કચેરી
- મતદાર નોંધણી અધિકારી /
- મામલતદાર કચેરી
- મ્યુનિસિપલ કોર્પોરેશનની વોર્ડ કચેરી
- પ્રાંત અધિકારીની કચેરી
- મ્યુનિસિપાલિટી
- ગ્રામ પંચાયતની કચેરી

ખાતે રાખવામાં આવેલ છે, જ્યાં આપ આપના નામની સામે આપના ફોટાની પણ રૂબરૂ ચકાસણી કરી શકશો.

**જાગૃત નાગરીક તરીકે આપનો સહયોગ, લોકશાહી તંત્રની પાયાની જરૂરીયાત**

મતદારયાદીમાં નામ નોંધાવવા, રદ્ કરાવવા, કોઈ નામ સામે વાંધો લેવા અને નામ તથા અન્ય વિગતો સુધારવા શું કરશો ?

- તા. ૧-૧-૨૦૧૨ના રોજ ૧૮ વર્ષ કે તેથી વધુ ઉંમરના મતદારનું નામ નોંધાવવા માટે નમૂના-૬ (ઉંમર તથા રહેઠાણના પૂરાવા સહિત)માં અરજી કરવી.
- નમૂના-૬માં આપના પાસપોર્ટ સાઈઝનો કલર પોટોગ્રાફ નિયત જગ્યાએ ચોંટાડવો, જેથી નામ દાખલ કરતી વખતે મતદારયાદીમાં આપના નામની સામે આપનો ફોટો પણ આવી શકે.
- મતદારયાદીમાં કોઈ નામ સામે વાંધો લેવાનો હોય તો તે માટે અથવા મતદારયાદીમાંથી નામ રદ્ કરાવવા માટે નમૂના-૭માં અરજી કરવી.
- મતદારયાદીમાં નોંધાયેલ પોતાનું નામ તથા અન્ય વિગતો સુધારવા નમૂના-૮માં અરજી કરવી.
- એક જ વિધાનસભા મતવિભાગના એક ભાગમાંથી બીજા ભાગમાં નામ તબદીલ કરવા માટે નમૂના-૮ (ક)માં અરજી કરવી.

ઉપર્યુક્ત નમૂના કલેક્ટર કચેરી, મતદાર નોંધણી અધિકારી / પ્રાંત અધિકારીની કચેરી, મામલતદાર કચેરીમાંથી વિનામૂલ્યે મેળવી શકશો તેમજ આ નમૂના ભરીને જરૂરી પૂરાવા સાથે ત્યાં જ આપી શકશો. ઉપરાંત મુખ્ય નિર્વાચન અધિકારીની વેબસાઈટ **www.ceogujarat.nic.in** પર આપ ઓનલાઈન અરજી પણ કરી શકશો.

તા. ૧૦ અને ૧૭-૬-૨૦૧૨ના રોજ ઝૂંબેશના દિવસોએ સવારે ૯ થી સાંજે ૬ કલાક દરમિયાન આપના વિસ્તારના મતદાન મથકોએ પણ આ નમૂના મેળવી શકશો તેમજ ભરેલ અરજીઓ તે જ સ્થળોએ પરત આપી શકશો.

**યાદ રાખો**

એક જ મતદાર વિભાગમાં એક કરતાં વધુ વખત અથવા એક કરતાં વધારે મતવિભાગની મતદારયાદીમાં નામ નોંધાયેલ હોવું તે લોકપ્રતિનિધિત્વ ધારાની જોગવાઈ હેઠળ સજાને પાત્ર ગુનો બને છે.

અરજી કરવાની તારીખ : ૧ - ૬- ૨૦૧૨ થી તા. ૧૮-૬-૨૦૧૨ સુધી

**આપની પાસે મતદાર ફોટો ઓળખપત્ર હશે પણ મતદારયાદીમાં નામ નહીં હોય તો આપ મતદાન કરી શકશો નહીં, આથી જો ફોટો ઓળખપત્ર હોય તો પણ મતદારયાદીમાં આપનું નામ ચકાસી લો કે જેથી વિધાનસભાની આગામી ચૂંટણીમાં મતદાન કરવામાં આપને મુશ્કેલી ન પડે.**

માહિતી ૪૩૦/૨૦૧૨-૧૩ - મુખ્ય ચૂંટણી અધિકારી, ગુજરાત રાજ્ય